ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 26th February, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

ગુજરાત સરકારના કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા Awareness Generation Programmes on Sustainable Energy વિષય આધારિત **ભાવનગર જીલ્લા કક્ષા ઊર્જા ઉત્સવ – ૨૦૧૯ યોજાશે.**

ગુજરાત સરકારના કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ ૨૦૧૮- ૧૯ દ્વારા વિદ્યાર્થીઓ ઊર્જાસ્ત્રોતો વિશેની માહિતી તથા તેનો બેફામ વપરાશ તથા નજીકના ભવિષ્યમાં થનાર ઊર્જા કટોકટી અને તેના દ્વારા ઉત્પન્ન થતા પ્રદુષણ વિશે વિદ્યાર્થીકાળથી જ જાગૃતિ કેળવે એવા હેતુથી **Awareness Generation Programmes on Sustainable Energy** વિષય આધારિત વિવિધ કાર્યક્રમોનું આયોજન ભાવનગર જીલ્લાની ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કરવામાં આવેલ.

શાળા કક્ષાએ ઊર્જા વિશે વ્યાખ્યાન તથા અન્ય વિવિધ કાર્યક્રમો યોજી ભાવનગરના જીલ્લા કક્ષાના ઊર્જા ઉત્સવ માટે (૫) પાંચ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ. આ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તા: ૩ માર્ચ ,૨૦૧૯ ને રવિવાર ના રોજ એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, વિદ્યાનગર, ભાવનગર ખાતે યોજાનાર છે. લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજિત જીલ્લા કક્ષાના ઊર્જા ઉત્સવ-૨૦૧૯માં પસંદગી પામેલ શાળાના કુલ ૩૨૦થી વધારે ઊર્જા રક્ષકો પોતાની શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

જીલ્લા કક્ષાના ઊર્જા ઉત્સવ – ૨૦૧૯માં (૧) ઊર્જા અને સજીવસૃષ્ટિ (૨) બિનપ્રણાલીગત ઊર્જા સ્ત્રોતો (૩) ઊર્જા અને તેનું મહત્વ વિષય આધારિત (૧) ઊર્જા ક્વીઝ – જેમાં શાળા દીઠ શાળાના ૪ વિદ્યાર્થીઓ (બે ટીમ) (૨) ચિત્ર સ્પર્ધા તથા સ્લોગન સ્પર્ધા – શાળા દીઠ ૧ વિદ્યાર્થી (૩) શીઘ્ર વકૃત્વ સ્પર્ધા - શાળા દીઠ ૧ વિદ્યાર્થી (૪) ચાર્ટ અને મોડેલ પ્રદર્શન- શાળા દીઠ ૧ વિદ્યાર્થી (૫) સૌર ઊર્જા ફેન્સી ડ્રેસ સ્પર્ધા - શાળા દીઠ પાંચ (૫) પૈકીનો ૧ વિદ્યાર્થી ભાગ લેશે. જે અંગે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શાળાઓને તાકીદે જાણ થાય. વધુ માહિતી માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર (મો.૮૮૬૬૫૭૦૧૧૧) પર સંપર્ક કરવા વિનંતી.

(હર્ષદ જોષી), ૨૬-૦૨-'૧૯
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.